દિવ્ય ભાસ્કર, અમદાવાદ ફ્રંટ પેજ -
તારીખ :- ૦૮/૧૧/૨૦૨૫

**ભાસ્કર એક્સક્લુઝિવ** આવતાં વર્ષથી કોટેશ્વરથી એરપોર્ટ સુધી 6 કિમી, ગિફ્ટ સિટીમાં પ્રથમ તબક્કામાં 3.3 કિમી રૂટનું કામ શરૂ થશે

# 3 વર્ષમાં એરપોર્ટ સુધી અને ગિફ્ટ સિટીની અંદર મેટ્રો દોડશે

ઓમકારસિંહ ઠાકુર | અમદાવાદ

અમદાવાદ, ગાંધીનગર વચ્ચેના મેટ્રો પ્રોજેક્ટનો વિસ્તાર વધારતા ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) હવે ફેઝ-2ના નવા બે ફેઝ-2 એ અને ફેઝ-2 બી શરૂ કરવા જઈ રહ્યું છે. નાણાકીય વર્ષ 2026-27ની શરૂઆતમાં આ બંને રૂટની કામગીરી શરૂ થશે અને 2028ના અંત સુધીમાં પૂર્ણ કરાશે.

ફેઝ-2 એ કોટેશ્વર રોડથી એરપોર્ટ સુધી 6 કિમી રૂટ પર બનશે. આ 6 કિમી લાંબા રૂટ પર આશરે 1800 કરોડ રૂપિયાનો ખર્ચે થશે. આ રૂટમાં કોટેશ્વર રોડથી હાંસોલ થઈ તાજ સર્કલ સુધી એલિવેટેડ ટ્રેક તેમ જ તાજ સર્કલથી એરપોર્ટ સુધી અંડરગ્રાઉન્ડ રૂટ બનાવાશે. આ રૂટ પર 3 એલિવેટેડ, 1 અંડરગ્રાઉન્ડ સ્ટેશન બનશે. અંડરગ્રાઉન્ડ એરપોર્ટ સ્ટેશન પરથી પેસેન્જર લિફ્ટ અને એસ્કલેટર દ્વારા સીધા ટર્મિનલ સુધી પહોંચી શકશે. હાલ પ્રોજેક્ટની ડિટેલ ડિઝાઇન રિપોર્ટ તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ થઈ છે.

એ જ રીતે ફેઝ-2 બીમાં ગિફ્ટ સિટીની અંદર 3.3 કિમી રૂટ પર કામગીરી શરૂ કરાશે. હાલ ગિફ્ટ સિટી ગેટ સુધી મેટ્રોનું સંચાલન શરૂ થઈ ચૂક્યું છે. હવે તેના આગળના ફેઝ-2 બી અંતર્ગત કુલ 10 કિમી પ્રસ્તાવિત રૂટમાંથી પ્રથમ તબક્કામાં 3.3 કિમી રૂટ પર કામ શરૂ થશે. આ રૂટમાં 3 એલિવેટેડ સ્ટેશન હશે અને લગભગ 900 કરોડનો ખર્ચ થશે. આ સંપૂર્ણ રૂટ ગિફ્ટ સિટીની આંતરિક ફાઈનાન્શિયલ ઝોન અને રેસિડેન્શિયલ વિસ્તારને જોડશે, જેનાથી હજારો કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને રોજિંદી મુસાફરીમાં સુવિધા મળશે.

## કોટેશ્વર રોડથી હાંસોલ, તાજ સર્કલ સુધી એલિવેટેડ, ત્યાર પછી એરપોર્ટ સુધી ટનલ રૂટ હશે




અમદાવાદ એરપોર્ટ પર ડોમેસ્ટિક ઈન્ટરનેશનલમાં પ્રતિદિન 260 ફ્લાઈટોની મૂવમેન્ટ માં 36 હજાર પેસેન્જરોની અવરજવર

કામગીરીની શરૂઆતઃ નાણાકીય વર્ષ 2026-27ની શરૂઆતથી
નિર્માણ સમયઃ 3 વર્ષ એટલે કે 2028ના અંત સુધી
દરેક સ્ટેશન પર ડિજિટલ ટિકિટિંગ અને જીએમઆરસી એપ દ્વારા ટિકિટ બુકિંગની સુવિધા
મુખ્ય સ્ટેશનો પર પાર્કિંગ અને ઈન્ટરચેન્જની સુવિધા

### એરપોર્ટ રૂટ

એરપોર્ટ રૂટની લંબાઈઃ 6 કિલોમીટર
એરપોર્ટ રૂટ પર સ્ટેશનઃ 3 એલિવેટેડ અને 1 અંડરગ્રાઉન્ડ
એરપોર્ટ રૂટનો ખર્ચઃ 1800 કરોડ રૂપિયા

### ગિફ્ટ સિટી રૂટ

ગિફ્ટ સિટીના રૂટની લંબાઈઃ 3.3 કિમી (પ્રથમ તબક્કો)
ગિફ્ટ સિટીનાં સ્ટેશનઃ 3 એલિવેટેડ
ગિફ્ટ સિટીના રૂટનો ખર્ચઃ 900 કરોડ

ડોમેસ્ટિક- ઈન્ટરનેશનલમાં પ્રતિદિન ચાર હજાર કેબમાં 10 હજાર પેસેન્જરો પ્રાઈવેટ ટેક્સીમાં અવરજવર કરે છે.

## પ્રોજેક્ટના મુખ્ય ફાયદા

**ટ્રાફિક અને પ્રદૂષણમાં ઘટાડો :** એરપોર્ટ તરફ જતી કાર અને ટેક્સીની સંખ્યા ઘટશે.

**સમય બચત :** એરપોર્ટથી ઈન્કમટેક્સ સુધી હાલ 35–40 મિનિટની મુસાફરીનો સમય મેટ્રોથી ઘટીને 15–18 મિનિટ થઈ જશે.

**સીધો એરપોર્ટ એક્સેસ :** અંડરગ્રાઉન્ડ સ્ટેશનથી મુસાફરો સીધા એરપોર્ટ ટર્મિનલ સુધી પહોંચી શકશે.

**વિસ્તારનો વિકાસ :** હાંસોલ, કોટેશ્વર અને તાજ સર્કલ આસપાસના વિસ્તારમાં રિઅલ એસ્ટેટ અને વેપાર પ્રવૃત્તિ વધશે.

**ભાસ્કર નોલેજ**

## મેટ્રોના ફેઝ-2નું કામ દોઢ વર્ષ મોડું ચાલી રહ્યું છે

અમદાવાદ મેટ્રો ફેઝ-2નો રૂટ મોટેરાથી મહાત્મા મંદિર સુધીનો છે, પરંતુ અત્યારે મેટ્રો ટ્રેન સચિવાલય સુધી જાય છે. સચિવાલયથી મહાત્મા મંદિરના 5.5 કિલોમીટર રૂટનું કામ હાલ ચાલી રહ્યું છે. વર્ષ 2019માં શરૂ થયેલા ફેઝ-2નું કામ માર્ચ 2024માં પૂર્ણ કરવાનું હતું, પરંતુ હવે ડિસેમ્બર 2025 સુધી લંબાવાયું છે. અમદાવાદ મેટ્રોમાં 16,422 કરોડનો ખર્ચ થયો છે તેમાંથી ફેઝ-2ના 4220 કરોડ સામેલ છે. ફેઝ-2માં અત્યાર સુધીમાં 90 ટકા કામ થયું છે.